સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : SJED/MSM/e-file/17/2024/1909/A-1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬-૪-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : સશપ/૧૦૨૦૧૧/૧૨૪૩/ન.બા./અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯-૦૮-૨૦૨૪ નો પત્ર ક્રમાંકઃ DDCW/0175/08/2024

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) પરનાં આ વિભાગનાં ઠરાવથી સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦/- નકકી કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનાં પત્રથી મળેલ દરખાસ્ત મુજબ વિભાગનાં તા.૧૬-૪-૨૦૧૨ નાં ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૧/૧૨૪૩/ન.બા./અ.૧ માં કેટલાક સુધારા કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાનાં અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની દરખાસ્તના અનુસંધાને સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવાની યોજના અંગેનાં વિભાગનાં તા.૧૬-૪-૨૦૧૨ નાં ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૧/૧૨૪૩/ન.બા./અ.૧ માં નીચે મુજબની શરતો ઉમેરવામાં આવે છે.

1. સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખરેખર થયેલ ફી કે વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦ બન્નેમાથી જે ઓછું હોય તેટલી શિષ્યવૃત્તિની રકમ સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે ચુકવવામાં આવશે.
2. આ યોજનાનો લાભ ગુજરાતના વિચરતી વિમુકત જાતિના એવા વિદ્યાર્થીઓને મળવાપાત્ર છે કે જેઓ ગુજરાત રાજયમાં કાર્યરત હોય તેવી સરકાર માન્ય સ્વનિર્ભર શૈક્ષિણક સંસ્થા / કોલેજમાં અભ્યાસ કરતા હોય અથવા ગુજરાત રાજ્ય બહારની National Institutional Ranking Framework (NIRF) હેઠળની તમામ કેટેગરીની Top 100 સંસ્થાઓમાંની કોઇ સંસ્થામાં અભ્યાસ કરતા હોય.
3. સેલ્ફફાયનાન્સ કોલેજનાં માત્ર સ્નાતક કે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
4. વિદ્યાર્થીએ અધવચ્ચેથી અભ્યાસ છોડી ફરી અભ્યાસ શરૂ કર્યો હોય તો વધુમાં વધુ ૩ વર્ષનાં ગેપને માન્ય રાખી અરજી મંજુર કરવાની રહેશે.
5. આ યોજનાની અરજીઓ મંજુર/નામંજુર કરવાની સત્તા સબંધિત જિલ્લાનાં નાયબ નિયામક (વિ.જા.ક.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.ક.) ની રહેશે.

વિભાગનાં તા.૧૬-૪-૨૦૧૨નાં ઠરાવ ક્રમાંક : સશપ/૧૦૨૦૧૧/૧૨૪૩/ન.બા./અ.૧ ની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કેતન ડામોર)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Ketan Damor
Section Officer
Date:2025.07.24
10:41:38 +5:30